ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી
(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),
"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧
SGCCI
ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦
E-mail : info@sgcci.in Website : www.sgcci.in

રેફ નં. તા: ૨૦/૭/૨૦૧૯

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડાં)

---

# 'પોસ્ટ બજેટ એનાલિસિસ' ઉપર મહત્વનું સેશન યોજાયુ

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને ધી સુરત બ્રાન્ચ ઓફ વેસ્ટર્ન ઈન્ડીયા રિજનલ કાઉન્સીલ ઓફ ધી ઇન્સ્ટીટયુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઇન્ડીયાના સંયુકત ઉપક્રમે શુક્રવારે,તા. ૧૯ જુલાઇ ૨૦૧૯ના રોજ સાંજે ૫:૦૦ કલાકે સરસાણા સ્થિત પ્લેટીનમ હોલ ખાતે 'પોસ્ટ બજેટ એનાલિસિસ' ઉપર મહત્વના સેશનનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં નિષ્ણાંત વકતા તરીકે ઈન્સ્ટીટયુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઇન્ડીયા, નવી દિલ્હીની ડાયરેકટ ટેક્ષ કમિટીના સભ્ય સીએ ડો. ગિરીશ આહુજાએ બજેટ વિશે પોતાનું એનાલિસિસ ઇન્ડસ્ટ્રીઝના લોકો અને પ્રોફેશનલ્સની સમક્ષ સરળ ભાષામાં રજૂ કરી બજેટની મહત્વની બાબતો વિશે માહિતી પુરી પાડી હતી.

ચેમ્બરના તત્કાલિન ભુતપુર્વ પ્રમુખ શ્રી હેતલ મહેતાએ સર્વેને આવકાર્યા હતા અને પ્રારંભિક ઉદ્બોધનમાં જણાવ્યુ હતુ કે, નિષ્ણાંત વકતાશ્રી તેમજ એક્ષ્પર્ટ પેનલ દ્વારા બજેટ વિશે એનાલિસિસ રજૂ કરવામાં આવશે. જે ઇન્ડસ્ટ્રીઝના લોકો અને પ્રોફેશનલ્સ માટે મહત્વના બની રહેશે.

ડો. ગિરીશ આહુજાએ વકતવ્યમાં જણાવ્યુ હતુ કે, બજેટમાં સુપર રીચના ટેક્ષ દરમાં સરચાર્જ તરીકે વધારો કરવામાં આવ્યો છે. રૂપિયા ૨ કરોડથી વધુ અને રૂપિયા ૫ કરોડથી ઓછી વાર્ષિક આવકવાળાઓનો સરચાર્જ ૧૫ ટકાથી વધારીને ૨૫ ટકા કરવામાં આવ્યો છે. જયારે રૂપિયા ૫ કરોડથી વધુ વાર્ષિક આવકવાળાઓનો સરચાર્જ ૩૭ ટકા કરવામાં આવ્યો છે. સરકારે આવી રીતે રૂપિયા ૧૨૫૦૦ કરોડની વધુ આવક ઉભી કરી શકશે.

તેમણે જણાવ્યુ હતુ કે, ગત વર્ષથી લોન્ગ ટર્મ કેપીટલ ગેઇન ૧૦ ટકા કરવામાં આવ્યો હતો. હવે ૫ જુલાઇ ૨૦૧૯થી લીસ્ટેડ કંપની બાયબેક કરે તો કંપનીએ ૨૩.૫ ટકા ટેક્ષ આપવાનો રહેશે અને શેરહોલ્ડરે કશું જ નહી. તેમણે કહયુ કે, વિદેશમાં રહેતી કોઇ વ્યકિતને રૂપિયા ૫૦ હજારથી વધુની કિંમતની ગીફ્ટ આપવામાં આવશે

અથવા ગીફ્ટ લેનાર વ્યકિત સંબંધી હશે અથવા મેરેજ ફંકશનમાં કોઇને ગીફ્ટ અપાતી હોય તો ટેક્ષેબલ નહી રહેશે પણ એ સિવાયની વ્યકિતને ગીફ્ટ આપવામાં આવશે તો ગીફ્ટ લેનારે ગીફ્ટ ઉપર ટેક્ષ આપવો પડશે.

ડો. ગિરીશે વધુમાં જણાવ્યુ હતુ કે, ગત વર્ષે જે ઉદ્યોગપતિઓનું વાર્ષિક ટર્નઓવર રૂપિયા ૫૦ કરોડથી વધુ હતુ તેઓને સરકાર દ્વારા નવેમ્બર ૨૦૧૯ સુધીમાં એપની સુવિધા આપવામાં આવશે. જેના થકી જ તેઓએ રૂપિયાની લેવડ–દેવડ કરવાની ગ્રાહકોને ફરજીયાત વધારાની સુવિધા આપવાની રહેશે. જો આવી કંપનીઓ આ એપના માધ્યમથી રૂપિયાની લેવડ–દેવડ કરવાની ગ્રાહકોને વધારાની સુવિધા ન આપે તો તેને દરરોજના રૂપિયા પાંચ હજારની પેનલ્ટી લગાવવામાં આવશે. કેશ ટ્રાન્ઝેકશનમાં પારદર્શિતા લાવવા માટે આ નવો કાયદો અમલમાં લાવવામાં આવશે.

તેમણે ચેરીટેબલ ટ્રસ્ટ, સંસ્થા કે કંપની વિશે જણાવ્યુ હતુ કે કંપની હોય કે સંસ્થા જો અન્ય કાયદામાં ડિફોલ્ટ કરવામાં આવે અને તેની સામે કેસ નહી લડે તો ઇન્કમ ટેક્ષમાં 12AA નું રજિસ્ટ્રેશન કેન્સલ થઇ શકે છે. આ સંજોગોમાં કંપની કે સંસ્થાની જેટલી એસેટ્સ હોય તેની તે દિવસની માર્કેટ વેલ્યુમાંથી તેની લાયબિલિટી કાપી ૩૦ ટકા ટેક્ષ ચૂકવવાની નોબત આવશે. એટલે હવે ચેરીટેબલ ટ્રસ્ટને પણ ઘ્યાન રાખવું પડશે કે અન્ય કાયદાઓનું પણ પાલન કરવાનું રહેશે. અન્યથા તેમનું રજિસ્ટ્રેશન કેન્સલ થઇ શકે છે. તેમણે રૂપિયા ૪૫ લાખ સુધીની દસ્તાવેજ વેલ્યુ હોમ પરરેઝ ઉપર કુલ રૂપિયા સાડા ત્રણ લાખની લોનના વ્યાજની ઉપર મળતી રાહતની બાબતને પણ આવકારી હતી. સાથે જ રૂપિયા ૫ લાખ સુધીની  આવક ઉપર સામાન્ય વર્ગને ઇનકમ ટેક્ષમાં આપવામાં આવેલી રાહતને પણ સારી ગણાવી હતી.

આ સેશનમાં ચેમ્બરની ટેક્ષેશન એન્ડ ઇકોનોમિક અફેર્સ કમિટીના ચેરમેન સીએ અનુજ જરીવાલા તથા આઇસીએઆઇ દિલ્હીના સેન્ટ્રલ કાઉન્સીલ મેમ્બર સીએ જય છૈરા અને આઇસીએઆઇ સુરતના ભુતપુર્વ વાઇસ ચેરમેન સીએ પ્રજ્ઞેશ જગાશેઠે પ્રાસંગિક વિધી કરી હતી. ડો. ગિરીશ આહુજાએ ઉદ્યોગપતિઓ અને પ્રોફેશનલ્સના સવાલોના સંતોષકારક જવાબ આપ્યા હતા. સેશનના અંતે આઇસીએઆઇ સુરતના ચેરમેન સીએ મિહીર ઠકકરે સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ સેશનનું સમાપન કરવામાં આવ્યુ હતુ.